## વાત ગાંધીનગરની

શહેરમાં આખો દિવસ વરસાદી માહોલ રહ્યો જો કે વરસાદ હળવો અને માહોલ મોટો રહ્યો. ઉકળાટ તો એનો એ જ.

**ધારાસભ્યો કોરોનાની ઝપટમાં**

કોરોનાનો કહેર વિધાનસભા સુધી પહોંચ્યો છે. અગાઉ પાંચ ધારાસભ્યો કોરોનાથી સંક્રમિત થયા હતા. આજે વધુ બે ધારાસભ્યો કોરોનાથી સંક્રમિત થયા હતા. વાવના ગેનીબેન ઠાકોર અને કામરેજના વી.ડી. ઝાલાવાડિયાનો કોરોના પોઝીટીવ રીપોર્ટ આવતા સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. ગેનીબેન ઠાકોર ગાંધીનગરની આશ્કા હોસ્પિટલ અને ઝાલાવાડિયા સુરતની ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. જ્યારે સીમ્સ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા કોંગ્રેસના વરિષ્ઠ અગ્રણી ભરતસિંહ સોલંકીને વેન્ટીલેટર પર રખાયા છે. તેમની સ્થિતિ નાજુક ગણાવાઈ રહી છે.

**સચિવાલયની લીફ્ટમાં પણ કુંડાળા**

કોરોનાના વધતા સંક્રમણની સીધી અસર હવે સચિવાલયમાં પણ વર્તાઈ રહી છે. સચિવાલય સંકુલમાં સ્વર્ણિમ સંકુલ અને વિધાનસભા સંકુલની તમામ લીફટમાં ચાર દિશામાં ચાર કુંડાળા કરાયા છે. મતલબ કે દરેક લીફટમાં ચાર-ચાર મુલાકાતીઓ આવનજાવન કરી શકશે અને સોશીયલ ડીસ્ટન્સનું કડક અનુપાલન કરાવાશે.

**પેટા ચૂંટણીનો સળવળાટ સ્વર્ણિમ સંકુલમાં**

આગામી દિવસોમાં પેટા ચૂંટણીનો પ્રતિષ્ઠિત જંગ ખેલાવાનો છે ત્યારે ભાજપના સીનીયર ધારાસભ્યો પણ સક્રિય બન્યા છે. આજે મંગળવારે પંદરથી સત્તર ધારાસભ્યો મત વિસ્તારના પ્રશ્નો લઈને મંત્રીઓ અને મુલાકાતીઓ આવ્યા હતા પરંતુ સાથે સાથે પેટા ચૂંટણીનો તાગ પણ મેળવતા હતા. દર વખત કરતાં ભાજપના કાર્યકરો અને આગેવાનોમાં ઉમેદવારોની પસંદગીના મામલે ખાસ્સો એવો ગણગણાટ છે. જે મંગળવારની મુલાકાતોમાં અનૌપચારિક રીતે પડઘાતો હતો.

**મનપાનો કકળાટ થોડોક ઠર્યો**

ગાંધીનગર મહાનગરપાલિકામાં સત્તાધારી પક્ષમાં બે જૂથો વચ્ચેનું શીતયુદ્ધ પરાકાષ્ઠાએ પહોંચ્યુ હતુ. જ્યારે પ્રભારી મંત્રી અને મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલના સીધા માર્ગદર્શનથી બે-ત્રણ મહત્વના મુદ્દાઓ પરનો ઉકળાટ શાંત પડ્યો છે. ખાસ કરીને ભરતીના નિયમો અને સીક્યોરીટી એજન્સીના પડતર મામલે ઘીના ઠામમાં ઘી જેવો માહોલ બન્યો છે અને આશા તો એવી પણ છે કે બાકીના મુદ્દાઓ પર પણ બાંધછોડ કરી બંને જુથો એકજુટ બની પ્રજાકીય અને વિકાસ કામોને વેગ આપશે.

**શહેરમાં કોરોનાની વણસતી સ્થિતિ**

શહેરમાં છેલ્લા ચારેક દિવસથી ભલે સરકારી આંકડામાં ઓછા કેસ હોય પરંતુ કોરોનાની સ્થિતિ વણસતી જાય છે. મંગળવારે સાંજે શહેરમાં છ કેસ અને ગ્રામ્યમાં તેર કેસની સંખ્યા બતાવાઈ છે. શહેરની આશ્કા હોસ્પિટલમાં ૪૮ એક્ટીવ પેશન્ટ સારવાર લઈ રહ્યા છે. જ્યારે સિવિલ હોસ્પિટલ તો એક્ટીવ અને શંકાસ્પદ કેસથી છલકાય છે. શહેરના જાણીતા તબીબોનુ માનીએ તો તેમની ઓપીડીમાં દરરોજ દસમાંથી એક કેસ શંકાસ્પદ નીકળે છે અને વીસએક પોઝીટીવ નીકળે છે. આમ આવનારા દિવસોમાં સ્થિતિ ચિંતાજનક બની શકે છે.

**અને છેલ્લે...**

શહેરનુ જનજીવન રાબેતા મુજબ થતુ જાય છે પરંતુ સૌના મનમાં કોરોનાનો ડર તો હોવાનુ દેખાઈ જ આવે છે. સાવધાની એ જ કોરોના સામેની લડાઈનુ અમોઘ શસ્ત્ર છે.

# ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના નવા ૧૫ કેસ

**સારવાર દરમિયાન કલોલની વૃદ્ધાનું મોત : ગાંધીનગરમાં ૫, કલોલમાંથી ૭, દહેગામમાંથી ૨ અને માણસામાંથી ૧ કેસ નોંધાયો : ૧૭ હજારથી વધુ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૫ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. આજે પણ સારવાર દરમિયાન એક દર્દીનું મોત થયું છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ શહેરની એક ૭૦ વર્ષીય મહિલાનું આજે સારવાર દરમિયાન મોત થયુ છે. આ સાથે જિલ્લામાં સારવાર દરમિયાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૫૨ થઈ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ગાંધીનગરમાં પાંચ, કલોલમાં સાત, માણસામાં એક, તેમજ દહેગામમાં બે કેસ મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામ અર્બનમાંથી એક ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત દહેગામ અર્બનમાંથી એક ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દી એમ.આર. તરીકે નોકરી કરતો હોવાથી અમદાવાદ અને ગાંધીનગર સતત અપડાઉન કરતો હોવાનું જાણવા મળેલ છે. આ દર્દીને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવેલ છે.

માણસા શહેરમાંથી એક ૬૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી કેવી રીતે સંક્રમિત થયા તે અંગેની ચોક્કસ વિગતો જાણવા તંત્રએ તપાસ હાથ ધરી છે. તેઓ કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી પણ ધરાવતા નહિ હોવાનું જાણવા મળેલ છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

કલોલમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાંથી આજે વધુ ૭ કેસ મળી આવ્યા છે.

કલોલમાંથી આજે ૭૦ વર્ષથી વધુ આયુ ધરાવતી બે મહિલા દર્દીઓનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી આજે ૪ કેસ મળ્યા છે. આ ઉપરાંત બોરીસણા, જેઠલજ અને બાલવામાંથી એક-એક કેસ મળી આવેલ છે.

આ દર્દીઓને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરી તેમના પરિવારના સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાંથી આજે પાંચ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે.

જે કેસો મળ્યા છે તેમાં મોટા ચિલોડા, મહુન્દ્રા, સુઘડ, સરગાસણ અને પેથાપુરના દર્દીઓનો સમાવેશ થાય છે.

મોટા ચિલોડામાંથી ગઈકાલે મોડી સાંજે એક

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં વધુ ૬ કેસ નોંધાયા

**સે. ૩-ડી, સે. ૪-ડી, સે. ૮-બી, સે. ૨૩, સે. ૧૩-ડી, સે. ૨૫ માંથી કેસ મળ્યા : કોમ્યુનીટી ટ્રાન્સમિશન શરૂ થયાની આશંકા**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૬ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૨૪૫ પર પહોંચી છે.

શહેરમાં આજે નોંધાયેલ ૬ કેસોમાં એક ખાનગી તબીબ, એક રાષ્ટ્રીયકૃત બેંકના મેનેજર, એક સરકારના સાહસના સિની. ક્લાર્ક, તેમજ પ્રાઈવેટ શિક્ષણ સંસ્થા સાથે સંકળાયેલ વ્યક્તીનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરમાં વધતા જતા કેસોની સંખ્યાને લઈ તંત્ર ચિંતામાં છે તો રિકવરી રેટ સારો હોવાથી તેને થોડીક રાહત પણ છે. જો કે આજે એક જ દિવસમાં ૬ કેસ નોંધાતાં તંત્રના અધિકારીઓ સતત દોડધામ કરતા નજરે પડ્યા હતા.

શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રએ સર્વેલન્સ સઘન કરવાની સાથે સાથે લોકોમાં કોરોના અંગે જાગૃતિ આવે તે માટેના પ્રયાસો પણ હાથ ધરવામાં આવ્યા છે. આ ઉપરાંત માસ્ક પહેરવાના નિયમના સઘન અમલીકરણ માટે દંડનીય કાર્યવાહી પણ હાથ ધરી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૫ માં રહેતા અને એક ખાનગી ઉદ્યોગગૃહમાં નોકરી કરતા ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દી ૧૦ દિવસ પૂર્વે જ મુંબઈ રામગઢથી ગાંધીનગર આવ્યા હતા.

આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સે. ૨૩ માંથી એક ૬૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીને હોમ

● અનુસંધાન પાન-૭ પર



વાદળોની સંતાકૂકડી - શહેરમાં આજે આખો દિવસ વાદળોની સંતાકૂકડી ચાલી હતી... ક્યારેક ઘનઘોર અંધારું તો ક્યારેક ધોમધખતો તડકો... વરસાદ આવશે-આવશે તેની રાહમાં આખો દિવસ ઉકળાટમાં પસાર થયો... શહેરના માર્ગો પર પણ ઉકળાટ અને કોરોનાની બેવડી અસર દેખાતી હતી... પ્રકૃતિએ જાણે પરીક્ષા આરંભી હોય એવો અનુભવ થઈ રહ્યો છે...

## સૌરાષ્ટ્ર સહિત રાજ્યના ૧૧૪ તાલુકામાં વરસાદ

**રાજ્યમાં ચોમાસાની જમાવટ : દેવભૂમી દ્વારકાના જામખંભાળિયામાં ૧૧ ઇંચ વરસાદ**

ગાંધીનગર,તા.૭

રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસથી સતત વરસી રહ્યો છે.રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૫૪ તાલુકામાં વરસાદ નોંધાયો છે.સૌરાષ્ટ્ર-કચ્છમાં ભારે વરસાદ નોંધાયો છે.આજે સવારે ૬ વાગ્યાથી સાંજે ૪ સુધીમાં ૧૧૪ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ ૨૦૧ મિમિ એટલે કે ૧૧ ઈંચ વરસાદ દેવભુમી દ્વારકાના ખંભાળીયામાં નોંધાયો છે.

રાજ્યના ૨૧ તાલુકામાં ૧ થી વધુ ઈંચ વરસાદ જોધપુરમાં-૧૭૦ મિમિ, ભાણવડમાં ૧૫૫ મિમિ, દ્વારકાના કલાણપુરમા ૧૧૯ મિમિ, માણાવદરમાં ૧૧૩ મિમિ, કુતિયાણમાં ૧૧૦ મિમિ, જામનગરમાં ૮૦ મિમિ, ઉપાલેટામાં ૭૯ મિમિ, દ્વારકામાં ૭૬ મિમિ, કાલાવાડમાં ૭૪ મિમિ, વંથલીમાં ૭૭ મિમિ, કચ્છના મુન્દ્રામાં ૬૬ મિમિ, જુનાગઢમાં ૪૨ મિમિ, ધોરાજીમાં ૩૮ મિમિ, કચ્છના માંડવીમાં ૩૫ મિમિ, જલાલપોરમાં ૨૮ મિમિ, મેંદરડામાં ૨૭ મિમિ અને કેશોદમાં ૨૫ મિમિ વરસાદ વરસ્યો છે.

## સ્ટ્રીટ લાઇટના થાંભલા પર જાહેરાતના પેમ્ફલેટ ચિપકાવવા બદલ દંડ વસુલવાની ઝુંબેશનુ સુરસુરીયુ

**સેકટરોમાં દાયકાઓ જુના કટાયેલા અને કંગાળ સ્ટ્રીટ લાઇટના થાંભલા બંધ હોવાની સાથે જાહેરાતનુ માધ્યમ બની રહ્યા છે**

ગાંધીનગર તા ૭

ગાંધીનગરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક રસ્તાઓ પર અજવાળુ પાથરતા સ્ટ્રીટ લાઇટના પોલ્સ જાહેરાતનુ માધ્યમ બન્યા છે. સ્ટ્રીટ લાઇટના થાંભલા પર અવનવી જાહેરાત ચિપકાવેલી જોવા મળે છે. જયારે બેનર્સ અને હોર્ડીંગ્સના પણ બિન્દાસ્ત રીતે લગાવી દેવાય છે. લાઈટીંગ પોલ્સ આમ પણ જાળવણીના અભાવે કંગાળ જોવા મળી રહ્યા છે ત્યારે થાંભલા પર જાહેરાત ચિપકાવવા બદલ કોર્પોરેશન કક્ષાએથી હાથ ધરાયેલી દંડ વસુલીનુ અભિયાન પણ ઠપ્પ થઈ ગયુ છે.

શહેરમાં સ્ટ્રીટ લાઈટો ડુલ હોવાની ફરિયાદો અનેકવાર ઉઠવા પામે છે. જયારે સ્ટ્રીટ લાઇટોના કટાયેલા અને કંગાળ પોલ્સ પણ નગરજનો માટે દુવિધાનુ કારણ બન્યા છે. બંધ સ્ટ્રીટ લાઇટના થાંભલા અજવાળુ પાથરી શકતા નથી પરંતુ જાહેરાતનુ માધ્યમ બન્યા છે. આવા સંજોગોમાં સ્ટ્રીટ લાઇટને જાહેરાતનુ માધ્યમ બનાવતા વેપારીઓ તેમજ સંસ્થાઓ પાસેથી તંત્રએ અગાઉ દંડ વસુલવાની જાહેરાત કરી હતી પરંતુ શરૂઆતના તબક્કે આંગળીના વેઢે ગણાય તેટલી જવાબદાર સંસ્થાઓ કે વેપારીઓ પાસેથી દંડ વસુલાયો હતો ત્યારબાદ હાલની સ્થિતિએ આ પ્રવૃતિ વધુ બેફામ બની છે. નગરમાં મુખ્યમાર્ગો સહીત આંતરિક રસ્તાઓ પર સ્થિત સ્ટ્રીટ લાઇટના થાંભલાઓ પર જાહેરતના બોર્ડસ તેમજ પેમ્ફલેટ ચિપકાયેલા જોવા મળે છે. સેકટરોમાં કટયેલા થાંભલાને પણ કલરકામ થતુ નથી વાઈબ્રન્ટ સમિટ વેળાએ માત્ર વી વી આઈ પી મહાનુભાવોના આગમનને ધ્યાને લઈ સંબંધિત વિસ્તારમાં જ પોલ્સને કલર કરવામાં આવે છે. જયારે સેકટરોમાં સ્ટ્રીટ લાઇટના થાંભલાની જાળવણી તરફ ધ્યાન આપવામાં આવતુ નથી બીજીતરફ પોલ્સ પર ચિપકાવાતા જાહેરાતના પેમ્ફલેટસ કે બેનર્સ દુર કરવા માટે પણ કોઇ પગલા લેવાતા નથી. જેના લીધે શહેરમાં મોટાભાગના સ્ટ્રીટ લાઇટના થાંભલા જાહેરાતનુ માધ્યમ બન્યા છે. સ્ટ્રીટ લાઇટ થાંભલા પર ચિપકાવેલા જાહેરાતના પેમ્ફલેટ દુર કરવા માટે કોઇ પગલા લેવાતા નથી. જયારે આવા કીસ્સામાં દંડ વસુલી કરવાનુ પણ વિસરાયુ છે.

## કોરોના કાળમાં ગાંધીનગર ડેપોની આવકમાં ૮૦ ટકાનો ઘટાડો

**ગત માર્ચ મહીનામાં ૧.૧૯ કરોડની આવક કરી હતી : જુન અંતમાં માત્ર ૨૧ લાખ : શહેરી બસ સેવા પણ છેલ્લા ત્રણ મહીનાથી બંધ**

ગાંધીનગર તા ૭

ગાંધીનગર એસ ટી ડેપોની આવકમાં લોકડાઉનના અંતે



ઘરખમ ઘટાડો થયો છે. ગત માર્ચ મહીનામાં ડેપોની આવક ૧.૧૯ કરોડ હતી જયારે ગત મહીનામાં ડેપોએ ૨૧ લાખની આવક કરી છે. લોકડાઉન બાદ કેટલાક રૂટોની બસ બંધ રહેતા આવકનુ પ્રમાણ ઘટયુ છે. ખાસ કરીને હજુ શહેરી બસ સેવા પણ શરૂ કરવામાં આવી નથી. જયારે ડેપોની આવકમાં અંદાજિત ૮૦ ટકાનો ઘટાડો હજુ પણ યથાવત છે.

કોરોનાના લોકડાઉનના સમયગાળામાં સમગ્ર દેશમાં વેપાર ધંધા બંધ રહ્યા હતા જયારે આ સાથે આનુસંગિક સેવાઓ પણ બંધ રહી હતી. હજુ એસ ટી સેવા પુર્ણ રૂપે શરૂ થઈ નથી જયારે ટ્રેઈન તેમજ પ્લેન સેવા પણ બંધ છે. આવા સંજોગોમાં વિવિધ સેવાઓ બંધ રહેતા મોટી આર્થિક નુકશાની થઈ છે. એસ ટી નિગમે પણ આર્થિક ખોટ સહન કરવી પડી છે. ગાંધીનગર ડેપોને પણ લોકડાઉન દરમિયાન કોઈ આવક થઈ ન હતી જયારે અનલોક ટુ ના અંતે પણ એસ ટી બસના પૈડા હજુ પુર્ણ રૂપે પાટે ચઢયા નથી. કોરોના પુર્વે ગત માર્ચ મહીનામાં ગાંધીનગર એસ ટી ડેપોએ રૂ ૧.૧૯ કરોડની આવક કરી હતી જયારે એપ્રિલ મહીનામાં લોકડાઉનના સમયગાળા દરમિયાન ૮૮૦૯૭ ની આવક થઈ હતી જયારે મેં મહીનામાં ૧ લાખ ની આવક થઈ હતી. ત્યારબાદ જુન મહીનામાં એસ ટી એ રૂ ૨૧ લાખ ૧૯૬૭૩ની આવક કરી છે. આમછતા ગત માર્ચ મહીનાની સાપેક્ષમાં એસ ટી ડેપોની આવકમાં હજુ ૮૦ ટકાનો ઘટાડો યથાવત હોવાનુ સ્પષ્ટ થયુ છે. કોરોના દરમિયાન હજુ પણ એસ ટી બસમાં પુરતો ટ્રાફિક જોવા મળતો નથી જયારે સોસિયલ ડીસ્ટન્સીંગ સહીતના નિયમોના પાલન મુજબ બસમાં મુસાફરોની સંખ્યા પણ ૫૦ ટકા જેટલી જ જોવા મળે છે. જયારે અમુક રૂટમાં હજુ બસ સેવા શરૂ થઈ નથી ગાંધીનગર ડેપોની વિશેષ આવક શહેરી બસ સેવાના આધારે થાય છે. પરંતુ છેલ્લા ત્રણ મહીનાથી શહેરી બસ સેવા પણ બંધ છે. ગાંધીનગર અમદાવાદ રૂટની શહેરી બસ સેવા બંધ હોવાથી અપડાઉનકર્તાઓને પણ હાલાકી વેઠવી પડે છે. આવા સંજોગોમાં શહેરી બસ સેવા પણ શરૂ કરવામાં આવે તેવી માંગ પ્રબળ બની રહી છે.



હજુ શહેરમાં માંડ બે-ત્રણ વાર સારો કહી શકાય એવો વરસાદ પડ્યો છે પરંતુ આટલા વરસાદમાં જ શહેરમાં લીલીછમ ચાદર છવાઈ ગઈ છે. આખુ શહેર જાણે કોઈ હીલ સ્ટેશન હોય તેમ લાગી રહ્યુ છે. વરસાદમાં નહાઈને તરોતાજા લાગતા વૃક્ષો શહેરને એક નવી જ આભા બક્ષી રહ્યા છે.

## તાલુકા પંચાયતની સામાન્ય સભાની વૈતરણી ભાજપે કાસ્ટીંગ વોટથી પાર કરી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર તાલુકા પંચાયતની આજે મળેલ સામાન્ય સભાની બેઠકમાં એજન્ડામાં દર્શાવાયેલા એક સિવાયના તમામ મુદ્દાઓ કાસ્ટીંગ વોટની મદદથી મંજૂર કરાયા હતા. માત્ર સામાજિક ન્યાય સમિતિની મળેલ બેઠકની કાર્યવાહી નોંધને બહાલી આપવાનો મુદ્દો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો.

શોભનાબેન વાઘેલાના અધ્યક્ષપદે મળેલ આજની સામાન્ય સભામાં કોંગ્રેસના સિનીયર સભ્ય કુબેરસિંહ ગોલે ખુલ્લેઆમ ભાજપનું સમર્થન કરતાં સભામાં મતદાન દરમિયાન ભાજપ-કોંગ્રેસના સભ્યોના મત ૧૮-૧૮ થયા હતા. જોકે પંચાયતધારાની જોગવાઈ મુજબ સરખા મત પડે તો પ્રમુખે નિર્ણાયક મત આપવાના અધિકાર આપવામાં આવ્યા છે અને તેને આધારે ભાજપે આજની વૈતરણી પાર કરી બતાવી હતી.

મહામારીના હાલના સંજોગોમાં બેઠક કેમ બોલાવાઈ તેવો મુદ્દો કોંગ્રેસના ઠાકોર મહોતજી અને રસિકભાઈએ ઉભો કર્યો હતો. જે અંગે તાલુકા વિકાસ અધિકારી ધાંધલ્યાએ જણાવ્યુ હતુ કે સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવી આ બેઠક બોલાવી છે એટલુ જ નહિ બેઠક અંગે પંચાયતધારાની જોગવાઈઓ મુજબ પ્રમુખે મને લેખિતમાં આદેશ આપ્યો હતો અને તેનુ પાલન કરવામાં આવ્યુ છે.

**કોંગ્રેસના કુબેરજી ગોલે વિકાસના મુદ્દે ખુલ્લેઆમ ભાજપનું સમર્થન કરતાં બન્ને પક્ષે ૧૮-૧૮ મત પડ્યા હતા**

કોંગ્રેસના સભ્યો દ્વારા આજની સામાન્ય સભામાં એજન્ડા પરના મુદ્દાઓનો વિરોધ કરી મતદાનની માંગણી કરાઈ હતી. સભ્યોના હાથ ઊંચા કરાવી મતગણતરીમાં બન્ને પક્ષના સરખા મત પડતાં પ્રમુખે પંચાયતધારાની જોગવાઈ મુજબ ગત સામાન્ય સભાની કામગીરી, સભ્યોને વિસ્તાર વિકાસ માટે રૂ. ૧૦ લાખની ગ્રાન્ટની ફાળવણી કરવા ઉપરાંત પંચાયતના હિસાબો જે અવલોકન અર્થે રજુ થયા હતા તે મંજૂર કરવામાં આવ્યા હતા.

બેઠક બાદ તાલુકા પંચાયતના પમુખ શોભનાબેન વાઘેલાએ જણાવ્યુ હતુ કે વિકાસ વિરોધી કોંગ્રેસનુ મન લોકોએ જોઈ લીધુ છે. ગ્રામીણ વિકાસ માટે તેમને કોઈ જ લગાવ નથી એ સભામાં સ્પષ્ટ થયુ છે.

તેમણે કહ્યુ હતુ કે અમે સામાન્ય સભા પણ પંચાયતધારાની જોગવાઈઓ અને મર્યાદાને ધ્યાનમાં રાખી બોલાવી હતી તેમજ સભાની કામગીરી પણ પંચાયતધારાની જોગવાઈઓ અને મર્યાદાને ધ્યાનમાં રાખી કરવામાં આવી છે.

અમે આજે પણ માનીએ છીએ કે પંચાયતી રાજ એટલે સૌનું રાજ, સૌને વિકાસ માટે બોલવાનો હક્ક અને વિકાસમાં સૌની ભાગીદારી એ વાત કાસ્ટીંગ વોટનો ઉપયોગ કરી અમે પુરવાર કર્યુ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com